| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૨૪/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૧ | ૦૬ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૨૦૪૭/૨૦૨૬.**

**આંકઃ ૧૨**

**અરજદાર.**
**પ્રિતેશ ઉર્ફે દીકૂડો અલ્પેશભાઇ ગોટેચા,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ મજુરી,
રહે. મારુતિનંદન નગર શેરી નંબરઃ ૨,
બ્લોક નંબરઃ ૫૦, વિશ્વેશ્વર મંદિર પાછળ,
મવડી મેઇન રોડ, રાજકોટ.
(**હાલઃ સેન્ટ્રલ જેલ – રાજકોટ.**)

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**
**શ્રી સરકાર.**

**બાબત: બીએનએસએસ કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી..**

**વકિલશ્રીઓ::**
અરજદાર તરફે :- વિદ્વાન વકિલ શ્રી ટી. એમ. બાલધા.
સામાવાળા તરફે :- વિદ્વાન એ.પી.પી. શ્રી બી. એ. રવેશીયા.

**- ચુ કા દો -**

૧. આ કામના અરજદાર/આરોપી ની રાજકોટ શહેર, ભક્તિનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ

૧૧૨૦૮૦૫૨૨૬૦૨૬૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૯૬(૧)એ, ૨૯૯, ૩૦૨, ૩૫૨, ૩૫૩(૧)(ગ) મુજબના ગુનાના કામે ધરપકડ કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય, અરજદારે બીએનએસએસની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.** આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી બી. એ. રવેશીયા હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું આંક–૦૯ થી રજુ રાખવામાં આવેલ છે. મુળ ફરિયાદી તરફે આંક ૧૦ થી હાલની અરજી વિરુદ્ધ લેખિત વાંધા રજુ રાખવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

અરજદાર/આરોપી તરફે વિ. વ.શ્રી ટી. એમ. બાલધા તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી બી. એ. રવેશીયાની મૌખિક દલીલો સાંભળી.

**3.** અરજદાર તરફે મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં અરજદાર/આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદની હકીકતો ધ્યાને લેતા પણ અરજદાર વિરુદ્ધ કોઇ પ્રથમ દર્શનીય પુરાવો નથી. અરજદાર ફરિયાદમાં જણાવ્યા મુજબનુ ઈન્સ્ટાગ્રામ આઈડી વાપરતા નથી અને અરજદારના નામે કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારનુ આઈડી બનાવી કોઈપણ પ્રકારનો વિડિયો પોસ્ટ કરી શકે છે અને અરજદારને પોલીસ સ્ટેશને રુબરુ બોલાવી ડરાવી–ધમકાવીને

ખોટા પુરાવાઓ રેકર્ડ પર લઇ અરજદારને ખોટા કેસમાં સંડોવવાનો પ્લાન કરેલ છે. ફરિયાદની હકીકતો ધ્યાને લેતા અરજદાર વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાના કોઇ તત્વો ફલીત થતા નથી તેમછતા પોલીસે ખોટી ફરિયાદ લઇ એકરતફી કાર્યવાહી કરેલ છે. વધુમાં અરજદારને તારીખઃ ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે તેથી હવે અરજદારની પોલીસને ઇન્ટ્રોગેશનની કોઇ જરૂરીયાત નથી. વધુમાં અરજદાર વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લઇએ તો અરજદાર વિરુદ્ધનો કેસ ચલાવવાની સત્તા જેએમએફસી કોર્ટને રહેલ છે. તપાસ પુર્ણ થતા અને ચાર્જશીટ થતા સમય લાગે તેમ હોય અને અરજદાર/આરોપી રાજકોટના સ્થાનિક રહેવાસી છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી તેમજ અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. વધુમાં અરજદાર વિરુદ્ધ અગાઉ ગુન્હાઓ નોંધાયેલ હોવામાત્રથી અરજદારના જામીન નામંજુર કરી શકાય નહિ. આ ઉપરોકત તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદ હકીકત મુજબ આ કામના આરોપીએ તારીખઃ ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રીના બારેક વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના મોબાઇલમાં રહેલ ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. મારફતે ii_risky_dikudo_307_ii ઉપર લાઈવ થઈ મુસ્લિમ ધર્મના સ્થાપક તથા અન્ય મુસ્લિમ ધર્મના વડાઓ વિશે અભદ્ર ભાષાના પ્રયોગ વાળો વિડીયો લાઈવ કરી જુદી જુદી કોમ વચ્ચે દુશ્મનાવટને

પ્રોત્સાહન આપવા જાહેર સુમેળ રાખવાને પ્રતિકુળ કૃત્ય કરી અને ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના ઈરાદા પુર્વક કૃત્ય કરી તેમ કરી અરજદારે બી.એન.એસ.ની કલમ ૧૯૬(૧)એ, ૨૯૯, ૩૦૨, ૩૫૨, ૩૫૩(૧)(ગ) મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. અરજદાર વિરુદ્ધ પ્રથમ દર્શનીય કેસ છે, ફરિયાદમાં પ્રથમથી જ અરજદારનુ નામ છે, અરજદારે બે કોમ વચ્ચે દૂશ્મનાવટ ઉભી થાય અને સાર્વજનિક તોફાનો થાય તેવા ઈરાદાથી કૃત્ય કરેલ છે. વધુમાં હાલના ગુન્હાની તપાસ હાલ મહત્વના તબક્કે ચાલી રહેલ છે અને તપાસ દરમ્યાન પંચનામાની વિગતે પેનડ્રાઇવ કબ્જે કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર વિરુદ્ધ અગાઉ તપાસ કરનાર અમલદારે સોગંદનામામાં જણાવ્યા મુજબના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૭ ગુન્હાઓ નોંધાયેલ છે અને તે રીતે અરજદાર ગુન્હાહીત ભુતકાળ ધરાવે છે. આ સંજોગોમાં અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો જાહેર સુલેહશાંતિનો ભંગ થવાની શકયતા રહેલી છે તેમજ સાહેદોને ડરાવે ધમકાવે અને ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતા રહેલી હોઈ તેમજ આવા પ્રકારના ગુન્હાઓમાં આરોપીને જામીન પર મુક્ત કરવાથી તેમને કાયદાનો કોઈ ડર રહેશે નહિ. જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની જામીન અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૪.૧ આ કામે આંક ૧૦ થી મુળ ફરિયાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને હાલની અરજી વિરુદ્ધ લેખિત વાંધા રજુ રાખેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય પુરાવો છે તેમજ જો અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા જ પ્રકારના ગુન્હા આચરશે. વધુમાં અરજદાર માથાભારે અને ઝનુની સ્વભાવના છે અને આવા પ્રકારના કૃત્યો

કરવામાં માહેર છે તેમજ રાજકીય વગ ધરાવે છે. જે તમામ હકીકતો ધ્યાને લઈ હાલની અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા અરજી અન્વયેના રીપોર્ટથી જે હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીઓનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીઓની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શક્યતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શક્યતા, આરોપીઓની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીઓની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીઓને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપીઓ જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક-૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળા સરકારશ્રી તરફે રજુ થયેલ આંક-૦૯ નુ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો

સાંભળી. મુળ ફરિયાદી તરફે રજુ રાખવામાં આવેલ લેખિત વાંધા વંચાણે લીદા. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

૬/૧. અરજદાર વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૯૬(૧)એ, ૨૯૯, ૩૦૨, ૩૫૨, ૩૫૩(૧)(ગ) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

૬/૨. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા અરજદારના ફર્ધર કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરુરીયાત હોવાનુ જણાવેલ નથી.

૬/૩. અરજદાર વિરુદ્ધના ગુન્હામાં ટ્રાયલ ચલાવવાની સત્તા જેએમએફસી કોર્ટને રહેલ છે.

૬/૪. અરજદારને તારીખઃ ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને અરજદાર રાજકોટના સ્થાનિક રહેવાસી છે અને તપાસમાં સહકાર આપવાની તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની બાંહેધરી આપેલ હોય, ચોક્કસ શરતોને આધીન અરજદારને જામીન મુક્ત કરવામાં આવે તો, ટ્રાયલ દરમ્યાન હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ હુ માનુ છુ.

આમ, ઉપરોક્ત હકીકતો તેમજ અરજદાર વિરુદ્ધ અન્ય ગુન્હાઓ નોંધાયેલ હોવામાત્રથી જામીન નામંજુર કરી શકાય નહિ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતા તેમજ નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા "સંજય ચન્દ્રા વિરૂદ્ધ સી.બી.આઈ. (૨૦૧૨)૧

એસ.સી.સી. પાના નંબરઃ ૪૦" ના ચુકાદામાં પ્રતિપાદિત થયેલા સિદ્ધાંત ધ્યાને લેતા તથા અરદજદાર/આરોપી વિરૂદ્ધના ગુનામાં સજાની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા ન્યાયિક ડિસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

:: હુ ક મ ::

૧. અરજદારની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **પ્રિતેશ ઉર્ફે દીકૂડો અલ્પેશભાઇ ગોટેચા,** રહે. મારુતિનંદન નગર શેરી નંબરઃ ૨, બ્લોક નંબરઃ ૫૦, વિશ્વેશ્વર મંદિર પાછળ, મવડી મેઇન રોડ, રાજકોટ વાળાને રાજકોટ શહેર, ભક્તિનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૬૦૨૬૮/૨૦૨૬ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા. ૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કર્યેથી અરજદાર/આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

// શ ર તો //

૧) **ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપી જે જગ્યાએ રહેવાના છે તે જગ્યાનુ સંપુર્ણ સરનામુ લેખિત પુરસીસથી દસ્તાવેજી આધાર પુરાવા તથા ફોન નંબર સાથે તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કરવુ અને તેમાં સંબંધિત કોર્ટની પરવાનગી વગર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.**

**૨)** અરજદાર/આરોપીએ સુલેહશાંતિનો ભંગ કરવો નહિ તેમજ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

**૩)** અરજદાર/આરોપીએ તેઓની વિરુદ્ધના કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

**૪)** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

**૫)** અરજદારે દિવસ–૭ માં પાસપોર્ટ સંબંધિત કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું સંબંધિત કોર્ટમાં રજુ કરવું.

– જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

– હુકમ અંગેની જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૨૪/૦૭/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*